R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com
ESTD.YEAR- 21•ISSUE: 10 DATE: 211-03-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )
If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેન્ક પાસે જુની નોટો કેમ બદલાતી નથી તેનો જવાબ માંગ્યો



આઠ નવેમ્બરના રોજ વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રજોગ સંબોધનમાં જણાવ્યુ હતું કે જે લોકો ૫૦ દિવસની નિર્ધારિત મર્યાદામાં રુપીયા ૫૦૦ કે રુ.૧૦૦૦ની રદ થયેલી નોટો જમા કે બદલાવી નહીં શકે તેઓ ૩૧ માર્ચ ૨૦૧૭ સુધી બદલાવી શકશે.

આપવામાં આવેલા વચન મુજબ લોકોને ૩૧ માર્ચ સુધી જુની નોટ બદલી આપવામાં આવતી નથી તે મુજબ થયેલી અરજીના અનુસંધાનમાં રિઝર્વ બેન્ક પાસેથી કોર્ટે જવાબ માંગ્યો હતો.મુખ્ય ન્યાયમુર્તિ જે.એસ.ખહેરે અરજદાર શરદ મિશ્રાને નોટીસની નકલ દિવસ દરમિયાન કેન્દ્ર અને રિઝર્વ બેન્કને પહોચતી કરવા જણાવ્યુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઠ નવેમ્બર,૨૦૧૬નારોજ કરેલા રાષ્ટ્રજોગ સંબોધન અને તેને પગલે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા બહાર પાડેલા જાહેરનામાની તે જોગવાઈઓ તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું છે કે તે વખતે કહેવામાં આવ્યું હતું કે રિઝર્વ બેન્કની ખાસ શાખાઓ ખાતે કેટલીક જરુરી કાર્યવાહી કરીને ૩૧ ડિસેમ્બર,૨૦૧૬ પાછી પણ ૩૧માર્ચ ૨૦૧૭ સુધી જુની ચલણી નોટ બદલી શકાશે. પરંતુ તે પછી રિઝર્વ બેન્કે છેલ્લે બહાર પાડેલા વટહુકમમાં નોટ બદલવા માટે નિર્ધારીત સમય દરમિયાન જે લોકો વિદેશમાં હે તેઓજ નોટ બદલી શકશે. તે મુજબની જોગવાઈ કરી હતી.સુપ્રીમ કોર્ટની બેન્ચે વાત માની ચે ખે છેલ્લો વટહુકમ તે વડાપ્રધાન અને રિઝર્વ બેન્કે આપેલી ખાતરીનો ભંગ છે.

## H-1B વિઝા પર ગયેલા પ્રોફેશનલ ભારતીયોની પત્નીઓને અમેરિકામાં નોકરી કરવાની મંજુરી નહીં મળે : ટ્રમ્પ તંત્રનો નિર્ણય

અમેરિકાના અર્થતંત્રને મજબુત કરવાના અને વિદેશમાંથી આવતા ઈમીગ્રન્ટસને નોકરીથી વંચિત રાખવાના આશય સાથે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રએ એક પછી એક નિર્ણયો લેવાનું શરુ કર્યું છે.જેમાં હવેથી H-1B વિઝા અંતગર્ત અમેરિકામાં આવતાં કોઈપણ પ્રોફેશનલ્સની પત્નીને નોકરી ન મળે તેવી જોગવાઈઓ પણ સામેલ કરવામાં આવી છે.ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટીસ દ્વારા વોશીગ્ટન ડીસી કોર્ટમાં ફાઈલ કરવામાં આવેલી અરજીમાં H-1B વિઝા અંતગર્ત જેમની પત્ની H-4 વિઝા હોલ્ડર્સ બનીને નોકરી કરે છે તેમને પણ રોજગારી ન મળે તેનું ધ્યાન રાખવામાં આવશે.

૨૦૧૫માં અમેરિકામાં આ રીતે પ્રોફેશનલ પતિ સાથે આવેલી હજારો મહિલાઓએ વર્ક પરમીટ લીધી હતી.આ નિયમની સામે ઓબામા વહીવટીતંત્ર વખતે અપીલ કરવામાં આવી હતી. પણ તત્કાલીન સરકારે માન્ય હોય તેમને રોજગારી આપવામાં ઉદારતા રાખી હતી.જોકે ,હવે ટ્રમ્પ વહીવટી તંત્ર તેમાં ફેરફાર કરવાની હિલચાલ કરી રહ્યું છે. સેવ જોબ્સ નામના જુથે ઓબામા વહીવટી તંત્રમાં કરેલી અરજી પર ધ્યાન આપવામાં આવ્યુ નહોતું.હવે ટ્રમ્પ શાસનમાં તેનો અમલ શક્ય બને તેમ લાગે છે.હવે જો આ શક્ય બનશે તો અમેરિકામાં અને ભારતીય પ્રોફેશનલ્સની પત્નીઓને રોજગારીથી હાથ ધોવા પડશે.

## છ મુસ્લીમ દેશોના નાગરિકો પર પ્રવેશબંધી ફરમાવતા નવા આદેશ પર અમેરિકી પ્રમુખે હસ્તાક્ષર કર્યા

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છ મુસ્લીમ બહુમતી ધરાવતા દેશોના લોકો પર અમેરિકામાં પ્રવેશબંધી ફરમાવતા નવા આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા. પ્રમુખપદ સંભાળતા જ કરેલા પ્રથમ આદેશને આ રાહે ઈરાકને બાદ કરતાં બાકીના છ દેશો માટે પુન : અમલી બનાવ્યો છે.કોર્ટમાં ઊભા થયેલા પડકારોને કારણે પ્રથમ આદેશનો અમલ અવરોધાયો હતોનવો આદેશ ૧૬મી માર્ચથી અમલી બનશે.

પ્રવેશબંધીમાંથી ઈરાકને બાદ કરતાં બાકીના છ દેશોના નાગરિકો આગામી ૯- દિવસ સુધી અમેરીકામાં પ્રવેશી શકશે નહીં.ફેડરલ કોર્ટે જે કાયદેસરના પ્રશ્ન ઉઠાવ્યા હતા તેનું સમાધાન કરતાં વટહુકમમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે લોકોને વિઝા ઈશ્યુ થઈ ચુક્યા છે,ગ્રીનકાર્ડ હોલ્ડર્સ કે ડ્યુઅલ સીડીઝનશીપ ધરાવનારાઓને પ્રવેશ માટે ઈન્કાર કરવામાં નહીં આવે. વહીવટીતંત્રે એ બાબતની પણ સ્પષ્ટતા કરી છે કે દેશ પર સલામતીના ખતરાને જોતાં નવો આદેશ કરવો જરરી હતો.

આદેશમાં વધુમાં કહેવામાં આવ્યુ છે કે અમેરીકી રેફ્યુજી એડમિશન પ્રોગ્રામ ૧૨૦ દિવસ સુધી મુલવતી રાખવામાં આવશે અને તે દરમિયાન સ્ક્રિનીંગ પ્રક્રિયા હાથ ધરાશે. કાર્યક્રમ ફરી થશે ત્યારે પણ વર્ષ ૨૦૧૭ માટે દેશમાં પ્રવેશ પામનાર હિજરતીઓની સંખ્યા પચાસ હજાર સુધીની સીમીત રહેશે.

જો કે નવા આદેશ સામે પણ નવેસરથી કાયદાકીય પડકારો સર્જાઈ શકે છે.

ઓબામા હેલ્થકેર કાયદામાં ફેરબદલ,ટેક્સકોડમાં પરિવર્તન અને સ્થાનિક ખર્ચના ભોગે લશ્કરને સંગીન બનાવવાનને પ્રાથમિકતા આપવા માંગતા વહીવટીતંત્ર માટે રાજકીય તાકાત ઉભી કરવાના હેતુ સાથે બહાર પાડેલો આ બીજો આદેશ વહીવટી પ્રતિષ્ઠાને બીજીવાર નુકશાન પણ પહોચાડી શકે છે.

## મુંબઇ નગરપાલિકાના મેયરપદે આખરે શિવસેનાના મહાદેશ્વર પર મેયરપદની તાજપોશી

મુંબઈ નગરપાલિકાના મેયરપદે કોણ બિરાજશે તેની કશમકશ ચાલી રહી હતી.રાજકીય ગરમાવા વચ્ચે શિવસેના જાહેર કરી દીધું હતું કે મુંબઈ નગરપાલિકા અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદે તો શિવસેનાના જ સભ્ય બિરાજશે.જો મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપ થોડી ઘણી પર આડોડાઈ કરે તો મુંબઈ મહાનગરપાલિકા અને મહારાષ્ટ્રનું રાજ્ય બે ખોવાનો વારો આવી શકે તેમ હતો. રાજકીય કુનેહ વાપરીને ભાજપની નેતાગીરીએ સામે ચાલીને શિવસેનાના ઉમેદવાર મહાદેશ્વરને મેયરપદે બેસાડી દીધા હતા.આમ શિવસેનાના કોર્પોરેટર વિશ્વનાથ મહાદેશ્વર મુંબઈના ૭૬માં મેયર તરીકે ચુંટાઈ આવ્યા હતા.મહાદેશ્વર હવે સ્નેહલ આંબેડકરના સ્થાને એશિયાના સૌથી મોટા મહાનગરનું નેતૃત્વ કરશે.શિવસેના અને ભાજપના ચુંટાયેલા કોર્પોરેટરોની એક બેઠક યોજાઈ હતી જેમાં ભાજપે પણ શિવસેનાના ઉમેદવારને ટેકો જાહેર કર્યો હતો.ડેપ્યુટી મેયર તરીકે શિવસેનાના હેમાંઘી વર્લીકર ચુંટાયા હતા. આમ શિવસેનાએ કરેલો હુકાર ફળીભુત થયો છે.

શિવસેના અને ભાજપે યુતિ તોડીને અલગ અલગ ચુંટણીઓ લડી હતીય જેમાં શિવસેનાને ૮૪ અને ભાજપને ૮૨ બેઠકો મળી હતી. શિવસેનાએ ૪ અપક્ષોને તેમનામાં સામેલ કરતાં તેઓની બળ ૮૮ પર પહોચ્યું હતું.મુંબઈના મેયરની ચુંટણી ન લડવાનો નિર્ણય લેનાર ભાજપે શિવસેનાને ટેકો આપ્યો હતો. પરંતુ શક્તિપ્રદર્શનની તક ઝડપી લીધી હતી.કેસરી કલરના સાફા પહેરીની ભાજપના સભ્યોએ મોદી મોદીના નારા પોકાર્યા હતા. જ્યારે શિવસેનાના નગર સેવકોએ સામે શિવસેના ઝિંદાબાદના નારા લગાવ્યા હતા.મેયરપદે ચુંટણી પત્યા પછી પહેલા ભાષણમાં વિશ્વનાથ મહાડેશ્વરે શિવસેનાના પ્રમુખ ઉદ્દવ ઠાકરેનો આભાર માન્યો હતો.પણ શિવસેનાની તરફેણ કરનારા ભાજપનો ઉલ્લેખ કરવાનું ટાળ્યુ હતું.શિવસેનાના મેયર ઉમેદવારને ૧૭૧ મત મળ્યા હતા. જો ભાજપે શિવસેનાને ટેકો જાહેર કર્યો ના હોત તો કદાચ વિધાનસભામાંથી પણ શિવસેના ટેકો પાછો ખેચી લેવાના મુડમાં હતી.આખરે યુતિ સરકારનું પતન થતું રોકવા ભાજપ પાસે શિવસેનાને ટેકો આપ્યા વગર કોઈ વિકલ્પ નહોતો.મહારાષ્ટ્ર જેવા મોટા રાજ્ય પરથી અંકુશ જાય તે ભાજપને પરવડેનહીં.

## અમેરિકામાં ભારતીય નાગરિકોની થયેલી હિંસા બદલ કેન્સાનના ગર્વનરે દિલગીરી વ્યક્ત કરી

અમેરિકામાં નફરત અને અસહિષ્ણુતા ના કારણે બે ભારતીય નાગરિકોની થયેલી હિંસા બદલ અમેરિકી પ્રાંત કેન્સાસના ગર્વનર સૈન બ્રાઉન બેકે વડાપ્રધાન મોદી પર પત્ર લખીને દિલગીરી વ્યક્ત કરી હતી.તેમણે ભારતીય નાગરિકોની વિરુધ્ધ થયેલી હિંસા બદલ અફસોસ પણ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યુ હતું કે રાજ્યમાં નફરત અને અસહિષ્ણુતા માટે કોઈ સ્થાન નથી.ગયા મહિને અમેરિકી નૌકાદળના પુર્વ સૈનિક એડમ પ્યુરિન્ટને કરેલા ગોળીબારમાં ૩૨ વર્ષના એન્જીનીયર શ્રીનિવાસ કુચિબોતલાનું મોત નિપજ્યું હતું. અને આલોક મદસાની નામનો ભારતીય ધાયલ થયો હતો.કેન્સાસમાં બનેલી હિંસક ધટનાથી અહીં રહેલ ભારતીય સમુદાયમાં ભયનું વાતાવરણ ઉભુ થયું છે.જો કે સમગ્ર અમેરિકામાં ટ્રમ્પની નીતિઓને કારણે ભારતીયો પોતાને અસલામત ગણતા થઈ ગયા છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભારત દેશમાં ગુજરાત રાજ્યને કુદરતી સંપત્તિ તરીકે વિશાળ દરિયા કિનારો ઉપલબ્ધ છે.ભુતકાળમાં તેના બંદરો આયાત નિકાસ માટે જાણીતા હતા પરંતુ તેનો વિકાસ થયો નહોતો.લાકડાના વહાણો દ્વારા દેશ વિદેશમાં વેપારીઓની આવનજાવન રહેતી હતી.પરંતુ મોટા બંદરોનો વિકાસ થતાં આયાત નિકાસનો વેપાર વધ્યો.પરંતુ મોટાભાગની ગુજરાત દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતો લોકસમુદાય માછીમારી જેવા ધંધા પર નભતો હતો.માછીમારીના ધંધાના વિકાસ માટે સરકારે જોઈએ તેવા સમયસર પગલાં લીધા નહી તેના કારણે માછીમારીના ધંધાનો જોઈએ તેટલો વિકાસ થયો નહી, સાથે સાથે બંદરોનો પણ વિકાસ થયો નહી. કચ્છનું એકમાત્ર બંદર કંડલા જેનો વિકાસ થયો. ત્યારબાદ ખાનગી ક્ષેત્રના આવવાથી મુદ્રા અને પીપાવાવ જેવા બંદરો બન્યા. પરંતુ હજુ એવા કેટલાય કુદરતી બંદરો જે જેનો વિકાસ થાય તો ગુજરાતના વિકાસમાં તે હરણફાળ ભરી શકે.

તાજેતરમાં સોમનાથની મુલાકાતે આવેલા વડાપ્રધાને ગુજરાતના બંદરો અને માછીમારીના વિકાસ માટેના આયોજનોની જાહેરાત કરી છે. પરિણામે બંદરો અને તેની આસપાસ ઉભા થનારા ઉદ્યોગોને કારણે રોજગારીની તકો વધશે. તેમજ નાના માછીમારોને સુવિધાઓ મળતાં તેમનો પણ વિકાસ શક્ય બનશે.ગુજરાત સરકાર તેમાં વધુ સક્રિય બનશે તો ઝડપથી આ દિશામાં કાર્યવાહી થતાં સમગ્ર દરિયાઇ પટ્ટીનો વિકાસ શક્ય બનશે.

અનુ.પાન નં. ૩ નું ચાલુ

અને ક્યારે પીવે છે.મોટા લોકો ફાઈવ સ્ટાર હોટલોમાં જઈને દારુ પીવે છે અને તે માટે સરકારે હોટલોને આડેધડ પરમીટો આપેલી છે. ત્રણ દાયકા પહેલા શહેરમાં આંગળીના વેઢે ગણાય તેટલી હોટલોમાં વિદેશી દારુ મળતો હતો.પરંતુ દારુ પીધેલાને પોલીસ પકડીને મોટા તોડપાણી ના કરે માટે કાયદાના સહારે પરમીટ પ્રથા લેવાનુ શરુ કરવામાં આવ્યું. મોટા ગણતા તેમજ ઉચ્ચ અધિકારીઓ આવી પરમીટના ધારકો છે. કાયદામાં માત્ર જેમને આરોગ્ય માટે દારુનું સેવન જરુરી છે તેમને માટેજ પરમીટ યોગ્ય ગણાવાઇ છે.પરંતુ તેમ નથી પૈસાદાર અને ઉચ્ચ અધિકારીઓ દારુના સેવન કરતાં પાર્ટીઓમાં પકડાઇ જાય તો કાયદાની છટકબારીમાં પરમીટ એક એવું બહાનુ બની જાય છે કે કાયદાની પકડમાંથી છટકી જવાય.

ગરીબ લોકો દેશી દારુ પીવે છે,અને અમદાવાદ શહેરની આજુબાજુના ગામડાઓ કે નદીની કોતરોમાં દેશી દારુઓની ભટ્ઠીઓ ધમધમે છે જે શહેરના મજુર વર્ગને સસ્તો દેશી દારુ ઉપલબ્ધ કરાવે છે.પોલીસને સૌથી વધુ કમાણી આવા બુટલેગરો દ્વારાજ પ્રાપ્ત થાય છે.આવા લોકોને પરમીટ મળતી નથી.અડ્ડાઓ તરફથી મળતી મલાઈને કારણે દેશી દારુ પીનારાઓ પરમીટની માફક જ જલસા કરે છે. પોલીસ તેમના તરફ ઉદારતા દાખવે છે.

હવે દારુબંધીના કડકાઈના અમલને કારણે સૌથી વધુ લોકો આરોગ્યના નામે દારુની પરમીટ લેવા લાઈનમાં ઉભા રહી ગયા છે.દારુની પરમીટ આપવાના ઉંચા ભાવોની બોલી લગાવાય છે.હવે અમદાવાદની સીવીલ હોસ્પીટલમાં દારુની પરમીટ આપવા માટે એક જ વર્ષમાં ૩૩ ટકાનો વધારો થયો છે. આરોગ્ય મંત્રીએ ગુજરાત વિધાનસભામાં આ કબુલાત કરી છે.કોગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદીન શેખના લેખિત જવાબમાં સરકારે માહિતી આપતાં કહ્યુ હતું કે વર્ષ ૨૦૧૫ માં ૧૯૫૩ લોકોને દારુની પરમીટ અપાઈ હતી.૨૦૧૬માં ૨૯૯૪ લોકોને દારુની પરમીટની ભલામણ કરાઈ હતી.આ બે વર્ષમાં કુલ ૪૯૪૭ લોકોને પરમીટની ભલામણ કરવામાં આવી હતી.જો કે હજુ આ વર્ષે તેનાથી પણ વધારો થાય તેવી વકી છે.જો કે પહેલાં માત્ર શહેરોમાં જ પરમીટ ધારકો હતા પરંતુ હવે નાના શહેરો અને ગામોમાં પણ પરમીટ ધારકોની સંખ્યા વધતી જાય તેમ લાગે છે.મોટા ધનાઢ્ય કુટુબોમાં દારુની પરમીટ હોવી એક સ્ટેટસ સિમ્બોલ બની ગયું છે.

# ઓન લાઇન ટ્રેનની ટીકીટ બુકીંગ માટે આધાર નંબર આવશ્યક બનાવાયો

રેલ્વે દ્વારા ઓનલાઈન ટીકીટ બુકીગ માટે આધાર નંબરને આવશ્યક બનાવવાની પ્રક્રિયા શરુ કરી દીધી છે.એકજ વ્યક્તિ દ્વારા સંખ્યાબંધ ટિકિટ બુક કરાવવાની પ્રવૃત્તિ બંધ થાય અને કોઈ ગરબડ ના થાય તેમજ કોઈના બદલે કોઈ મુસાફરી ના કરી શકે તે માટે આધાર નંબર ફરજીયાત બનાવાશે. તેના વગર ઓનલાઈન બુકિંગ નહી થઈ શકે.રેલવેએ સિનિયર સિટિઝનને કન્સેસન મેળવવા માટે આધાર નંબર ૧ એપ્રિલથી ફરજીયાત બનાવી દીધો છે.આ માટે ત્રણ મહિનાનું ટ્રાયલ રન હાલ ચાલી રહ્યુ છે.ટુંક સમયમાં તમામ મુસાફરો માટે આધાર નંબર ફરજીયાત બનાવી દેવાશે.

રેલ મંત્રી સુરેશ પ્રભુ દ્વારા ૨૦૧૭-૧૮ માટે રજુ કરવામાં આવેલા બિઝનેસ્શ પ્લાનમાં આધાર-કાર્ડ આધારિત ટિકિટ સિસ્ટમની જોગવાઈની વાત કરવામાં આવી હતી.જેમાં નીચેની જાહેરાતો કરવામાં આવી હતી.

૧.ઈન્ટગ્રેટેડ રેલવે એપ જારી કરવામાં આવશે.તેના દ્વારા બુકીંગ ઊપરાંત અનેક સુવિધાઓ મળશે.રિર્ઝવેશન,જનરલ,સીઝનલ અને પ્લેટફોર્મ ટીકીટ પણ બુક કરાવી શકાશે.તેના માટે કોમન પેમેન્ટ ગેટવે સિસ્ટમ ડેવલપ કરવામાં આવી છે.

૨.સિનિયર સીટીઝન માટે પહેલી એપ્રિલથી કન્સેશન માટે આધાર કાર્ડ ફરજીયાત કરવામાં આવશે.તે ઉપરાંત લોડીંગ ટ્રકોને પોતાના ડેસ્ટીનેશન અથવા તો તેના નજીકના સ્થળ સુધી ગુડ્સ ટ્રેન દ્વારા પહોચાડવામાં આવશે. તે માટે રો-રો સિસ્ટમ લાગુ કરાઈ છે.

૩.બિઝનેસ પ્લાનમાં ફેરફાર કરતાં માલ ભાડામાં મિનિમમ લોડિંગ પર ૧.૫ ટકા ડિસ્કાઉન્ટ મળતું હતું જે વધારીને ૩૫ ટકા કરાયું છે.તે ૪૫ દિવસમાં રિફંડ થઈ જશે.

૪.રેલવે કેસલેશ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન આપવા દેશભરમાં ૬૦૦૦ પોઈન્ટ ઓફ સેલ મશીન અને ૧૦૦૦ ઓટોમેટીક ટિકિટ વેન્ડીંગ મશીન લગાવશે.

૫.મે સુધીમાં એક ટિકિટીંગ એપ પમ શરુ કરવામાં આવશે. આ એપ દ્વારા રેલવે સબંધિત માહીતી,બસ ટીકીટ,ટ્રાવેલ સ્ટોર,ટ્રેન રનિંગ સ્ટેટસ,ગુગલ મેપ વગેરેની સુવિધાઓ આપવામાં આવશે.

# વિશ્વમાં ખ્રિસ્તી ધર્મીઓ અને મુસ્લીમોની વસ્તી બરોબરીની થશે : ૨૦૧૫૦માં ભારત વિશ્વમાં સૌથી વધુ મુસ્લીમ વસ્તી ધરાવતો દેશ બની જશે

વોશિગ્ટન સ્થિત એક સંશોધન કેન્દ્રનું કહેવુ છે કે ૨૦૫૦ના વર્ષ સુધીમાં ભારત ઈન્ડોનેશીયાને પણ પાછળ રાખીને સૌથી વધુ મુસ્લીમ વસ્તી ધરાવતો દેશ બની જશે. પરંતુ ભારતમાં હિદુઓની બહુમતી જ રહેશે.સંશોધમાં કહેવાયું છે કે વિશ્વમાં ખ્રિસ્તી ધર્મ અને મુસ્લીમોની વસ્તી બરોબરીની થઈ જશે.જ્યારે હિંદુ ધર્મની વસ્તી ત્રીજા ક્રમની રહેશે.ભારતમાં હિંદુ ધર્મીઓ બહુમતીમાં જ રહેશે તેથી હિંદુઓની વસતી ઘટી રહી છે તેવો વધુ પડતો આક્રોશ કેટલાક કટ્ટરવાદીઓ ફેલાવી રહ્યા છે તેમાં તથ્ય નથી.સંશોધકોનું માનવુ છે કે આવનારા ચાર દાયકામાં ઈસાઈ ધર્મ સૌથી મોટો ધર્મ બની રહેશે.પરંતુ મુસ્લીમ ધર્મીની સંખ્યા ખુબ ઝડપથી વધશે..

વર્તમાન સમયમાં ખ્રિસ્તી ધર્મી સૌથી મોટો સમુદાય ધરાવે છે.તે પછીના ક્રમે મુસલમાન છે.પરંતુ ત્રીજા ક્રમે એવો સમુદાય છે કે જેમનો કોઈ ધર્મ નથી.વલણ આ જ પ્રકારનું રહ્યું તો વર્ષ ૨૦૧૭૦માં ઈસ્લામ વિશ્વનો સૌથી મોટો ધાર્મિક સમુહ બની જશે.અહેવાલમાં જણાવ્યા મુજબ અમેરિકામાં યહુદીઓ કરતાં મુસ્લીમ વસતી વધી જશે.જન્મદર અને ધર્માંતરણ એમ બે કારણસર મુસ્લીમ વસતી વધવાના સંકેતો છે.જો કે ચીનમાં ૫૦ ટકા વસ્તી કોઈ ધર્મમાં માનતી નથી.પરંતુ આવનારા દિવસોમાં તેઓ ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કરે તો પાછુ ચિત્ર બદલાવાની સંભાવના છે.

વર્ષ ૨૦૧૦માં વિશ્વની ૨૭ ટકા વસ્તી ૧૫ વર્ષથી ઓછી ઉંમર ધરાવતી હતી .મુસ્લીમ સમુદાયમો ૩૪ ટકાની ઉંમર ૧૫ વર્ષથી ઓછી હતી.તો હિંદુમાં આ પ્રમાણ ૩૦ ટકા જોવા મળ્યું હતું. મુસ્લીમોની વસતી બાકીનાને મુકાબલે ઝડપી વધી રહી હોવાથી આ ચિત્ર સામે આવી રહ્યું છે.

સંશોધકોનું માનવું છે કે આગામ્ ચાર વર્ષમાં વિશ્વની વસતી ૯.૩ અબજ સુધી પહોચી જશે.મુસ્લીમ વસતીમાં ૭૩ ટકાનો વધારો થશે. ખ્રિસ્તી સમુદાયની સંખ્યામાં ૩૫ ટકાનો વધારો થશે અને હિદું વસ્તીમાં ૩૪ ટકાનો વધારો થશે. હાલમાં મુસ્લીમોમાં બાળજન્મનું પ્રમાણ સૌથી વધુ છે.સરેરાશ પ્રત્યેક મહિલા ત્રણથી વધુ બાળકોને જન્મ આપે છે. ખ્રિસ્તીઓમાં દરેક મહિલા સરેરાશ ૨થી વધુ બાળકોને જન્મ આપે છે.જ્યારે હિંદુ માં બાળકોને જન્મ આપવાનું પ્રમાણ ૨.૪ જેટલું છે.

# તિબેટમાં ચીને સૌથી મોટુ બીજા નંબરનું એરપોર્ટ ખુલ્લુ મુક્યુ

તિબેટમાં ચીને બીજા નંબરનું સૌથી મોટું એરપોર્ટ ટર્મિનલ ખુલ્લુ મુક્યુ હતું. જેની ક્ષમતા ૨૦૨૦ સુધીમાં વાર્ષિક ૭,૫૦,૦૦૦ મુસાફરો અને ૩૦૦૦ટન કાર્ગો વહન કરવાની થઈ જશે. તિબેટમાં શરુ કરવામાં આવેલ આ નવું છઠ્ઠુ ટર્મિનલ ન્યાંગચિ મેનલિંગ એરપોર્ટનો એક ભાગ જ છે જે અરુણાચલ પ્રદેશની સરહદને અડીને આવેલ છે.

તિબેટમાં ચીન દ્વારા રોડ,રેલવે અને હવાઈ સુવિધાઓ વધારવામાં આવી રહી છે પરિણામે ભારતની ચિતાઓ વધી છે.કારણકે આ બધી સુવિધાઓ ચીનની મિલટરીને જરુરી મુખ્ય સેવાઓ પુરી પાડે છે.તિબેટની હવાઈ સેવાઓ વધવાને કારણે ટુરીઝમનો વિકાસ થશે તેવું લાગી રહ્યું છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# બેન્કોએ પાંચમા રોકડ વ્યવહાર પર ફીની વસુલી એક પ્રકારનો ત્રાસવાદ ઊભો થયો છે : વેપારી મહામંડળ

મોટાભાગની પ્રાઈવેટ બેન્કોએ એક મહિનામાં ચાર ફ્રી ટ્રાન્ઝેકશન બાદની વધારાની કેશ ડિપોઝીટ અને રોકડ ઉપાડ માટે ૧૫૦ રુપીયાનો ચાર્જ વસુલવાની જાહેરાતે દેશના સામાન્ય નાના વેપારી થી મોટા વેપારીઓમાં અસંતોષ વ્યાપ્યો છે.સરકારે નોટબંધીની  સ્કીમથી હજુ માંડ ઊભો થઈ રહેલો વેપારી વર્ગ માંડ માંડ પોતાની વ્યવસ્થાઓ સંભાળી રહ્યો છે ત્યાં પ્રાઈવેટ બેન્કોએ તેમના વ્યવહાર પર ઊભો કરેલો ફી વસુલીનો લાગો નાણાકીય ત્રાસવાદ છે તેવું વેપારી મહામંડળે  કહ્યુ છે.

વેપારી મહામંડળના મહામંત્રી પ્રવીણ ખંડેવાલે કહ્યુ હતું કે બેન્ક દ્વારા ચારથી વધુ રોકડ ઉપાડ પર બિનરાબેતામુજબના ચાર્જ વસુલ કરવા સામે તેમનો વિરોધ છે.લોકોને દયનીય સ્થિતીમાં મુકીને ડિજીટલ ચુકવણીને પ્રોત્સાહન આપવાની રીત યોગ્ય નથી.તેમણે કહ્યુ હતું કે ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાની સરકારે બેન્કોને સબસીડી આપીને નાણાકીય વ્યવહાર પર લાગતા ચાર્જનું વહન કરવું જોઈએ. એચડીએફસીએ પહેલી માર્ચથી આ નિયમ અમલી બનાવ્યો છે.એક્સિસ બેન્ક ૧ જાન્યુ.થી તેને અમલી બનાવી ચુકી છે.આઈસીઆઈસીઆઈએ સ્પષ્ટતા કરી છે કે નિયમમાં કોઈ ફેરફાર થયો નથી. ગયા વર્ષે જુલાઈમાં જ રુપીયા ૧૫૦ની ફીનો નિયમ અમલી બની ગયો છે.આમ અલગ અલગ બેન્કોના નિયમો અલગ અલગ છે,નોટબંધી પછી સરકારે પોતાની સ્કીમોને અમલી બનાવવા માટે જુદા જૂદા અખતરા ચાલુ કર્યા છે અને તેને માટે પ્રાઈવેટ સેકટરોને પણ તેમાં સામેલ કરવા માટેના તેમના પ્રયત્નોથી લોકોને કમને પણ સરકારની સ્કીમોમાં જોડાવું પડશે.સમાંતર અર્થવ્યવસ્થાને રોકવાના કે ડામવાના ભાગરુપે વ્યક્તિગત ધોરણે કરાતાં રોકડ ઉપાડ અને કંપનીઓ દ્વારા કરાતાં ટ્રાન્ઝેકશન પર સરકાર કાપ મુકવાની તૈયારી કરી રહી છે.આ પગલાં સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની ભલામણોને આધારે લેવામાં આવશે.સુપ્રીમ કોર્ટે ગત વર્ષે જુલાઈ માસમાં સીટની રચના કરી હતી. જેણે ૩ થી ૧૫ લાખ સુધીની રોકડની ઉપાડ મર્યાદા માટેની ભલામણ કરી હતી.સરકારે બજેટમાં સીટની ભલામણને લાગુ કરી છે. ૩ લાખથી વધુની લેવડદેવડ કેશમાં કરી શકાશે નહીં.સરકારે આ સુચનને સ્વીકારવાનો નિર્ણય કર્યો છે.

# ઈસ્લામીક સંગઠનનો ઈરાકી દળો સાથેની લડાઈમાં પરાજય નિશ્ચિત : અબુબકર- અલ- બગદાદીએ પરાજયનો સ્વીકાર કર્યો

ઈરાકી મીડીયામાં આવી રહેલા અહેવાલો મુજબ ઈસ્લામિક સ્ટેટ - આઈએસઆઈએસના મુખ્ય સુત્રધાર અબુબકર-અલ-બગદાદીએ મૌસુલના કબજાને મુદ્દે ઈરાકી દળો સાથે ચાલી રહેલી લડાઈમાં પરાજયનો સ્વીકાર કરી લીધો છે.ઈરાગના મૌસુલ શહેરને ઈરાક,કુર્દ અને અમેરિકી સૈન્યે ચોમેરથી ઘેરી લીધું છે અને હુમલા કરવાનું ચાલુ રાખતાં બગદાદી નિરાશ થઈ ગયો છે.બગદાદીએ મૌસુલમાંથી લઈ રહેલા આઈએસઆઈએસના લડાકુઓને ઈરાક છોડી ભાગી જવા કે પછી આત્મઘાતી હુમલો કરીને જીવ ન્યોછાવર કરી દેવા ફરમાન કર્યુ છે.મૌસુલ તે આઈએસઆઈએસનો અંતિમ ગઢ માનવામાં આવે છે

ઈરાકી સૈન્યે ૧૯ ફેબ્રુઆરીના રોજ મૌસુલને આઈએસની ગિરકતમાંથી મુકત કરવા નવેસરથી પશ્ચિમ મોસુલ પર હુમલા શરુ કર્યા પછી બગદાદીના કમાન્ડર્શ પણ સીરીયા અને ઈરાકના સીમાડા તરફ ભાગવા લાગ્યા હતા. ઈરાકી સૈન્યે આ પહેલા મૌસુલ પર કબજો કરી ચુકયુ હતું.ઈરાકી સરકારે જાન્યુઆરીમાં જાહેરાત કરી હતી કે ત્રણ મહિનાની લડાઈને અંતે પુર્વ મોસુલ પર સરકારી દળોનો કબજો સ્થપાયો છે.બગદાદી ધાયલ થયાના અહેવાલ અનેકવાર આવી ચુક્યા છે.

ખલીફા બની ચુકેલા બગદાદીએ મૌસુલ છોડતાં પહેલા આઈએસઆઈએસના ધર્મપ્રચારકો અને મૌલવીઓને ફેરવેલ સ્પીચ ના નામે વ્યક્તવ્ય મોકલ્યું હતું.બગદાદીએ વિદાય ભાષણમાં કહ્યુ હતું કે મોસુલમાંથી ભાગીને સીરીયા અને ઈરાકની પહાડી વિસ્તારોમાં જતા રહો. બગદાદીના વિદાય ભાષણને અન્ય લડાકુઓને સંભળાવી શકાય તેથી ઓડીયો સંસ્કરણ પણ તૈયાર કરવામાં આવ્યુ હતું.બગદાદીએ બે જ વિકલ્પ આપ્યા છે.ભાગી જાઓ કે પછી આત્મઘાતી હુમલાખોર બનીને પોતની જાતને ઉડાવી દો.તેમણે આઈએસનુ કાર્યાલય બંધ કર્યુ છે.

# હરિયાણા જાટ સમુદાયે અનામત માટે કેન્દ્ર સરકારને ૨૦ માર્ચ સુધીની મહેતલ આપી

હરિયાણાના જાટ સમુદાયે તેમના સમાજ માટે નોકરી અને શિક્ષણમાં અનામત દાખલ કરવા માટેની માંગણી સાથે દિલ્હીમાં ધરણા યોજયા હતા.જંતરમંતર ખાતે તેમણે તેમની માંગણીના ટેકામાં ઉગ્ર દેખાવો યોજયા હતા.જ્યારે તેમણે રાષ્ટ્રપતિ ભવન સુધી કુચ કરી હતી.જો કે પોલીસની દરમિયાનગીરી થી તેમણે ધરણા સમેટી લીધા હતા.

જાટ સમુદાયના નેતાઓએ કેન્દ્ર સરકારને ૨૦ માર્ચનું અલ્ટીમેટમ આપતાં કહ્યુ હતું કે આ તારીખ સુધીમાં કેન્દ્ર સરકાર તેમની માંગણીઓ બાબતે નક્કી કરી લે નહીતર દિલ્હીને દુધ, શાકભાજી તેમજ ફુડ સપ્લાય બંધ કરવામાં આવશે. દિલ્હીની ચારેબાજુના હાઈવે પર ચક્કાજામ કરી દેવાશે.જાટ લોકોએ સંસદ માર્ગની પોલીસ ચોકી બહાર ઘેરાવો કર્યો હતો.

ભુતકાળમાં જાટ સમુદાયે અનામત માટે કરેલ આંદોલન તેની સીમા વટાવી ચુક્યુ હતું અને કરોડોનું નુકશાન રાજ્યને વહોરવું પડ્યું હતું હવે જાગવાની જરુર છે.

# કેરળના મુખ્યમંત્રીનું માથુ લાવનારને મધ્યપ્રદેશના કુંદન ચંદ્રાવતની એક કરોડનું ઈનામ આપવાની જાહેરાતથી રાજકીય ખળભળાટ

ગુજરાતમાં મુસ્લીમોનું નિકંદન કાઢવાનો જધન્ય અપરાધનો સ્વીકાર મધ્યપ્રદેશના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતા કુંદન ચંદ્રાવતે કરતાંની સાથે સાથે કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયનનું માથુ વાઢી લાવનારને એક કરોડ રુપીયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.

ઉજ્જેન સહપ્રચાર પ્રમુખ કુંદન ચંદ્રાવતે કહ્યુ હતું કે જો કોઈ આરએસએસના કાર્યકર્તાઓના હત્યારા પિનારાઈનું માથુ કાપી લાવશે તો હું તેને એક કરોડનું ઈનામ આપીશ. કેરળમાં કોમ્યુનિસ્ટની સરકાર આવી છે.ત્યારે ૩૦૦થી વધુ સંઘના કાર્યકર્તાઓ માર્યા ગયા છે.કોમ્યુનિસ્ટને ચેતવીએ છીએ કે અમે ભારત માતાને ત્રણ લાખ માથાનો હાર આપીશું. ચંદ્રાવતે કહ્યુ કે તેમણે ૫૬ કારસેવકોને માર્યા હતા. તો અમે ૨૦૦૦ મુસ્લીમોને કબરમાં મોકલી આપ્યા હતા.

જો કે પિનારાઈ વિજયને કહ્યુ હતું કે સંઘ સહિત જમણેરી સંગઠનો દેશના ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.તેઓ મુસોલીનીના સંગઠનના માળખા અને હિટલરની વિચારસરણી સ્વીકારી લીધી છે.તેમના નિવેદનોથી અળગા થતાં ઉજ્જૈન વિભાગ પ્રચાર પ્રમુખ રત્નદીપ નિગમે કહ્યુ હતું કે તેમને વ્યક્તિગત રીતે આમંત્રણ મળ્યું હતુ અને પોતાના લોકશાહી હક્કોનો ઉપયોગ કરીને તેઓ બોલ્યા હતા.આ સંઘનુ સત્તાવાર સ્ટેન્ડ નથી. અમે હિંસામાં માનતા નથી.

# ગુજરાતમાં ચુસ્ત દારુબંધી હોવા છતાં છેલ્લા એક વર્ષમાં દારુની પરમીટમાં ૩૩ ટકાનો અભુતપુર્વ વધારો

આઝાદી આવ્યા બાદ ગાંધીજીના નામે ગુજરાતમાં દારુબંધી દાખલ કરવામા ંઆવી.પરંતુ દારુબંધી માત્ર કાગળીયા પર જ રહી.દારુબાંધીને કારણે રાજકારણીઓ અને પોલીસની સાંઠગાંઠને કારણે કયારેય જડબેસલાક દારુબંધીનો અમલ થયો નહી.ખુલ્લે આમ દારુ મળતો રહ્યો.જો કે કદાચ થોડાક થોડાક સમય માટે ક્યારેક સખ્તી દેખાઈ પરંતુ ત્યાર બાદ બધુ હેમખેમ ચાલતું રહ્યું.પોલીસ ખાતામાં ચાલતા ભ્રષ્ટાચારમાં સૌથી મોટું પાપ દારુબાંધીએ જ કર્યુ છે.દારુબાંધીના કારણે અનેક રાજકારણીઓ અને પોલીસ અમલદારો બે પાંદડે થયા છે.

હવે ગુજરાતમાં બિહાર વાળી કરવાની ભાજપનો ચળ આવી.બિહારમાં નિતિશકુમારે દારુંબધી સખ્ત બનાવીને ચુંટણી જીતી લીધી.ભાજપનો મંદિર કે મસ્જીક,સ્મશાન કે કબ્રસ્તાન સીવાયના મુદ્દાઓ પરથી દારુબંધી પર ચુંટણી જીતાય તેવું લાગવા લાગ્યું.તેથી હળવેક રહીને ગુજરાતમાં આ દારુબંધીના નામે નવો પલિતો ચાંપવામાં આવ્યો.

ગુજરાતમાં સખ્ત દારુબાંધીના નિયમો બહાર પાડી દેવાયા.ગુજરાતમાં ખરેખર દારુનો નશો કોણ કરે છે તેનું સર્વેક્ષણ કરવા જેવું છે.સૌથી વધારે વેચાતો દારુ કોણ

અનુ. પાન નં. ૨ ઉપર

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# બાળકોમાં શિસ્ત કેવી રીતે લાવશો ?

આજકાલ ઘર કે શાળામાં બાળકોના વર્તનથી વાલી કે શિક્ષક ક્યારેય ખુશ નથી.વાલી કે શિક્ષક જે ઇચ્છે તે પ્રમાણે બાળકો વર્તન કરતા નથી.પરિણામે વાલી અને શિક્ષક બંને દુઃખી થાય છે.જો દબાણપૂર્વક શિસ્ત લાવવાના પ્રયત્નો કરવામાં આવે તો પરિણામ ધાર્યા આવતાં નથી. પરિણામે પ્રશ્ન ઉભો થાય છે કે , શું બાળકો ઇચ્છે તેમ અને ધારે તેમ કરવા દેવું ? આ બાબત બાળકોની શિસ્ત સાથે સંકળાયેલ પ્રશ્ન છે તો આવો વિચારીએ કે બાળકોમાં શિસ્ત લાવવા માટે શાળા અને વાલીઓ એ શું કરવું જોઇએ .

પહેલો પ્રશ્ન થાય કે શિસ્ત એટલે શું ? બાળકો બોલ્યા ચાલ્યા વિના અદબ વાળીને બેસી રહે એને શિસ્ત કહીશું ? ના. તો અમદાવાદમાં એક શિક્ષકે પોતના જન્મ દિવસ પર ભરુચથી માંડીને મહેસાણા જિલ્લા સુધીના શિક્ષકોએ વિચારેલી વાત અહી રજુ કરુ છું.આ શિક્ષકોના મતે શિસ્ત એટલે પોતાની જાત પર નિયંત્રણ.સામાજિક રીતેયોગ્ય વ્યવહાર.શોભે એવું વર્તન. સારો જીવન વ્યવહાર. દેખીતો સભ્ય વ્યવહાર. પોતાની વાણી અને વર્તન પર યોગ્ય નિયંત્રણ.

શિસ્ત ધરાવતાં બાળકોના વર્તન કેવા હોય ? તો, તેઓ શાળા કે ઘર કે સમાજે બનાવેલ નિયમોનું પાલન કરતા હોય,શાળામાં નિયમિત ગણવેશ પહેરે,શાળા કક્ષાના દરેક કાર્યોમાં સમયપાલન કરે. શાળામાં રિસેસ કે છુટતી વખતે શાળાએ કરેલા નિયમોનું પાલન કરે.પોતાનાથી નાના સભ્યને પોતાના વર્તન દ્વારા શિસ્ત શીખવે. શિસ્ત ધરાવતાં બાળકોના ઘરમાં પણ ચોક્કસ પ્રકારના વર્તનો જોવા મળે છે.જેમકે માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવું,પોતે ઉપયોગ કરતો હોય તે વસ્તુઓ યોગ્ય સ્થાને રાખે અને ગોઠવે, પોતાના ભાઇ-બહેન સાથે યોગ્ય વ્યવહાર કરે, મહેમાનો કે પરિચિતો સાથે યોગ્ય વ્યવહાર કરે.(આજે તો કેટલાંક ઘરોમાં મહેમાન આવે એટલે બાળક પોતાના રુમમાં ચાલ્યો જાય છે.વાલી ઘરે ન હોય અને કોઇ પરિચિત વ્યક્તિ ઘરે આવે તો હસીને સ્વાગત કરતાં પણ નથી આવડતું.)ઘરના નિયમોનું પાલન કરે. શિસ્ત ધરાવતાં બાળકમાં સામાજિક વર્તનો પણ જોઇએ.જેમકે જાહેર સ્થળો કે સમારંભોમાં પોતાનું વર્તન યોગ્ય રાખે, જાહેર સ્થળોએ નિયમોનું પાલન કરે. ટ્રાફિકના નિયમોનું પાલન કરે, રસ્તાની ડાબી બાજુએ વાહન હાંકે, જાહેર મિલ્કતોની જાળવણી કરે અને નુકશાન તો ન જ કરે.અન્ય કોઇ નુકશાન કરતું હોય તો તેને અટકાવે,ગંદકી ન કરે, દરેક વ્યક્તિ સાથે શાળા, ઘર કે સમાજમાં સભ્યતાભર્યા વાણી અને વર્તન કરે.બાળકોમાં શિસ્ત લાવવા માટે લાંબા લાંબા ભાષણો સાર્થક ન પણ નીવડે.આવા સમયે કેટલાંક સુત્રો-ઉક્તિઓનો ઉપયોગ કરવો જોઇએ.જેમકે શિસ્તનો સહવાસ,જીવનમાં ઉજાસ,શિસ્ત એ સફળતાની પગદંડી છે.શિસ્ત વધારો,આત્મવિશ્વાસ વધશે.શિસ્ત વિનાનો માણસ રાક્ષસ સમાન છે.શિસ્તની શરુઆત મારાથી જ.શિસ્ત વિનાનું જીવન એટલે બ્રેક વગરનું વાહન વગેરે.બાળકોની સામે મહાન વ્યક્તિઓના શિસ્ત વિષયક ઉદાહરણો પુરા પાડવા જોઇએ.જેમકે ગાંધીજી, વિવેકાનંદજીના જીવનના ઘણાં પ્રસંગો, સૈન્યની શિસ્તના ઉદાહરણો વિગેરે.આ ઉપરાંત શિસ્ત શીખવવા માંગતી વ્યક્તિ પોતાના વર્તન વ્યવહારથી બાળકોમાં શિસ્ત વિકસાવવાનો પ્રયત્ન કરશે તો ધારી સફળતા મળશે.બાળકોમાં શિસ્તના મુલ્યને વિકસાવવા શાળા કક્ષાએ કેટલીક પ્રવૃત્તિઓ ચોક્કસપણે કરવી જોઇએ. જેમકે શાળામાં લાઇન-હારબંધ આવવું-જવું,પ્રાર્થનામાં કે વર્ગખંડમાં શાંતિથી બીજાને ખલેલ ન પડે તે રીતે બેસવાની ટેવ પાડવી, શાળાની મિલ્કતો જાળવવાની જવાબદારી સોંપવી.અન્ય બાળકને મદદ કરે તેવી ભાવના વિકસાવવી, બાળકોના જવાબદારીવાળા કાર્યો સોંપવા અને તેમની પર વિશ્વાસ રાખવો વિગેરે.આ ઉપરાંત શિક્ષકે પણ પોતાના વર્તન દ્વારા બાળકોને શિસ્તના પાઠ શીખવવાના છે,ત્યારે શિક્ષકના વર્તન કેવા હોવા જોઇએ? શિક્ષકે સમયનું ચુસ્ત પાલન કરવું જોઇએ. સમયસર શાળામાં આવવું અને જવું. સમયસર વર્ગખંડમાં આવવું-જવું વગેરે. પોતાના પોશાક,વાણી અને વર્તન દ્વારા આદર્શ વ્યક્તિનું ઉદાહરણ પુરુ પાડે. પોતે લીધેલા સંકલ્પો અને તેનું પાલન કરતાં હોય ત્યારે તેને વિદ્યાર્થી સમક્ષ રજુ કરો. સમાજમાં બનતી ઘટનાઓમાંથી પ્રગટતી શિસ્તની વાતો કરો તેમજ જ્યાં જ્યાં અશિસ્ત જેવું દેખાય તેને વખોડવાની તક બાળકોની સાથે ઝડપો.વિવિધ પ્રસંગો બાળકો સામે રજુ કરો.જેમાં શિસ્તથી થયેલ લાભ અને અશિસ્તથી થયેલ નુકશાન બાળકોને જણાવો.શિસ્તમાં રહેતાં બાળકોને પ્રોત્સાહિત કરો અને અશિસ્ત આચરતાં બાળકોને શિસ્તમાં લાવવા સમજાવો.શિક્ષક એકલો ગમે તેટલું કરશે, પણ જો વાલીનો સહકાર નહીં હોય તો પણ ધારી સફળતા નહીં મળે.શિક્ષકે શાળામાં અને વાલીએ ઘરમાં શિસ્તનો આગ્રહ રાખવાનો છે તેમજ ઉદાહરણરુપ બનવાનું છે.વાલીએ પણ બાળક પાસે ઘરમાં કેટલીક બાબતોનો આગ્રહ રાખવો જોઇએ. જેમકે પોતાનું કામ જાતે જ કરે.વડીલો સાથે સભ્યતાપુર્વકનું વર્તન કરે.વ્યક્તિગત સ્વચ્છતા જાળવે.ઘરના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવે. ઘર બહાર જાહેર સ્થળોએ કેવા વર્તન કરવા જોઇએ તેનું માર્ગદર્શન વાલી આપે તેમજ અયોગ્ય વર્તન માટે સતત ચેતવણી પણ આપે.આમ છતાં કેટલાંક વાલી પોતેજ અશિસ્ત આચરતાં હોય છે.જેને જોઇને બાળકો પણ તેમના જેવા વર્તન કરતાં થઇ જાય છે.વાલી પોતે બાળકો પાસે શિસ્ત કે સારા વર્તનોની અપેક્ષા રાખે છે. પણ પોતે તેમાંથી છટકવાનો પ્રયત્ન કરે છે.માટે જ ઘણાં બાળકો પોતાના વાલીનું કહ્યું કરતાં નથી.આવા વાલીને જાગૃત કરવા માટે શાળાએ અવારનવાર વાલી મીટીંગ કરવી જોઇએ. વાલીને તેમના બાળકોની શિસ્તને લગતી બાબતોથી પરિચિત કરવા જોઇએ. બાળકોએ કરેલ પ્રવૃતિ કે સારા કામને વાલી સમક્ષ રજુ કરવા જોઇએ. શાળાના વિવિધ કાર્યક્રમોમાં વાલીને અવશ્યપણે ભાગીદાર બનાવવા અને પુરતી કાળજી રાખી આમંત્રિત કરવા. શાળામાં વિદ્યાર્થીના સારા વર્તન માટે કે ચોક્કસ પ્રગતિ માટે વાલીની હાજરીમાં તેમનું સન્માન કરવું જોઇએ. વાલીનું પણ સન્માન કરી શકાય.

ટુંકમાં બાળકોમાં શિસ્ત લાવવા માટે શાળા અને ઘર એટલે કે શિક્ષક અને વાલી બંનેએ પ્રયત્નો કરવા પડશે. આ માટે વિવિધ પ્રવૃત્તિઓ અને પોતાના વર્તનો દ્વારા બાળકોમાં શિસ્ત પ્રત્યેનો લગાવ પેદા કરવો પડશે, તો જ સફળતા મળશે.

ડો.અશોક પટેલ(સૌ.સંદેશ)

# સંસ્કાર,સભ્યતા,દેશપ્રેમ અને સંસ્કૃતિની વાતો કરનારાઓ હવે માથુ વાઢી લેવાની વાતો કરે છે

મધ્યપ્રદેશના આરએસએસના એક નેતા નામે કુંદન ચંદ્રાવતે કેરળના મુખ્યમંત્રીનું માથુ વાઢી લાવનારને એક કરોડનું ઇનામ આપવાની જાહેરાત કરીને સંસ્કાર,સંસ્કૃતિ અને સભ્યતાની તમામ હદો પાર કરી દીધી છે.સાથે સાથે તેમણે એમ પણ કહ્યુ કે ગોધરાકાંડમાં ૫૬ ની સામે અમે ૨૦૦૦ને કબરને સ્વાધીન કર્યા હતા.તેમાં તેમણે પોતાની મહાનતા દેખાડીને આ જઘન્ય અપરાધ કબુલ્યો છે.

અસહિષ્ણુતા વધારતા કે સંસ્કાર,સભ્યતાને લજવતાં નિવેદનો કે જેનાથી વિવાદો વકરી શકે છે તેમ લાગે ત્યારે સંઘ હોય કે તેમની રાજકીય સંસ્થા કે ભગીની સંસ્થાઓ પલટવારમાં નિવેદન જારી કરીને તેમને આ નિવેદન સાથે કોઇ લેવાદેવા નથી અને આ મંતવ્ય નિવેદન કરનારનું અંગત મંતવ્ય છે એમ કહીને છેડો ફાડી દેવો એ તેમની પ્રકૃતિ છે.આજ પ્રમાણે સંઘે ત્વરીત નિવેદન જારી કરીને કહ્યુ હતું કે સંઘ આ પ્રકારની કોઇપણ હિંસામાં વિશ્વાસ ધરાવતો નથી અને આ નિવેદન સાથે સંઘને કોઇ નિસ્બત નથી.પરંતુ એટલું તો નક્કી છે કે આ નિવેદનને બહારને ડાબેરીઓને બોલવાનું ચોક્કસ બહાનું મળી ગયું છે.આ સાથે સંઘમાં છેલ્લા કેટલાક સમયથી કેટલાક ઉદ્દામવાદી તત્વો ઘુસી ગયા હોવાના આક્ષેપોને બળ મળી રહ્યું છે.કેરળમાં ડાબેરીઓ તથા કોગ્રેસ વારાફરતી સત્તા ભોગવી રહ્યા છે.કેરળમાં સંઘ પણ લાંબા સમયથી સક્રિય છે અને સંઘની રાજકીય પાંખ ભારતીય જનતા પાર્ટી કેરળના રાજકારણમાં પોતાનો પગ મજબુત કરવા પ્રયત્નશીલ રહ્યો છે.પરંતુ તેની કારી ફાવતી નથી.ડાબેરીઓ અને સંઘની વિચારધારાની કટ્ટર લડાઇ વૈમનસ્યમાં ફેરવાઇ ચુકી છે.સંઘ દ્વારા લાંબા સમયથી થઇ રહેલા આક્ષેપો મુજબ ડાબેરી શાસન સંઘના કાર્યકરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. અને છેલ્લા કેટલાક વર્ષોમાં સંઘના કેટલાય કાર્યકરોને મોતના ઘાટ ઉતારી દેવાયા છે.બહુ બૌધ્ધિક ડંફાશો હાંકતા ડાબેરીઓ માટે આવી હિંસાના આક્ષેપો નવાઇની વાત નથી.ભુતકાળમાં બંગાળમાં પણ ડાબેરીઓ સામે આવા આક્ષેપો થઇ ચુક્યા છે.ડાબેરીઓનો બંગાળમાંથી એકડો કાઢી નાંખવામાં મમતા બેનરજીનો તુણમુલ કોગ્રેસને સફળતા મળી તેનું એક કારણ એ પણ છે કે તુણમુળના કાર્યકરોએ ડાબેરીઓ સામે આંખ સાટે આંખની ભાષામાં વાત કરી. તુણમુળના કાર્યકરોનો મેથીપાક ખાઇને ડાબેરીઓ સીધાદોર થઇ ગયા છે.લોકશાહીમાં આવી રાજકીય હિંસા સર્વથા વખોડવા લાયક છે.કેરળમાં સંઘના કાર્યકરો પર હુમલાના આક્ષેપો સાચા હોય તો ડાબેરી સરકારે તેને ગંભીરતાથી લઇ તટસ્થ તપાસ કરી આવી રાજકીય હિંસા ડામવા માટે કડકમાં કડક પગલાં લેવા જોઇએ.સંઘને આ મામલે વિરોધ કે રજુઆત કરવાનો પુરેપુરો અધિકાર છે.પરંતુ સંઘના પદાધિકારી મુખ્યપ્રધાનની હત્યા માટે ઉશ્કેરણી કરે એ બિલકુલ અસ્વીકાર્ય છે.સંઘ આ પદાધિકારી સામે શું પગલાં ભરે છે તેની રાહ સમગ્ર દેશ જોઇ રહ્યો છે.

છેલ્લા સમાચારો મળ્યા મુજબ સંઘ પરિવારના લોકો જાગ્યા અને કુંદન ચંદ્રાવતને તેમના પદ પરથી હટાવી દેવાયા છે.

(સૌ. ન.ગુ.સ આધારિત)

**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પુયટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.